# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-03-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

1) **આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, આયુર્વેદના તબીબોએ વૈદ્ય તરીકે પોતાની ઓળખ આપવામાં ગૌરવ અનુભવવું જોઈએ.**
2) **કચ્છના ભવાનીપુરના તળાવમાં ડૂબી જતાં પાંચ બાળકના મોત.**
3) **સુરતના સરસ મેળામાં આંધ્રપ્રદેશના માધવમાલાની કાષ્ઠકલાથી અનેક લોકો પ્રભાવિત.**
4) **રાજ્યના મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં આગામી પાંચ દિવસ કોઈ ફેરફાર ન થવાની આગાહી.**
5) **મહેસાણાનાં વૈદેહી ચૌધરી થાઈલેન્ડની આંતરરાષ્ટ્રીય ટૅનિસ ટૂર્નામેન્ટમાં ચેમ્પિયન બન્યાં.**

……………………………………………………………………………………………………

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# RUSHIKESH VANDE AYUCON

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, આયુર્વેદના તબીબોએ વૈદ્ય તરીકે પોતાની ઓળખ આપવામાં ગૌરવ અનુભવવું જોઈએ. અમદાવાદમાં 'વંદે આયુકોન-2025' કાર્યક્રમમાં શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું. તેમણે આયુર્વેદને જીવન જીવવાનું વિજ્ઞાન ગણાવ્યું હતું.

(બાઇટ: ઋષિકેશ પટેલ આરોગ્ય મંત્રી )

આ પ્રસંગે આયુષ મંત્રાલયના સચિવ રાજેશ કોટેચાએ જણાવ્યું કે છેલ્લાં દસ વર્ષમાં આયુર્વેદનો ઉપયોગ કરનારા લોકોની સંખ્યા 5 ટકાથી વધીને આશરે 50 ટકા સુધી પહોંચી છે.આ કાર્યક્રમમાં આયુર્વેદ ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપનારા શ્રેષ્ઠ આયુર્વેદ ચિકિત્સકોને સન્માનિત કરાયા હતા અને રાજ્યમાંથી પસંદ થયેલા 11 શ્રેષ્ઠ આયુર્વેદિક ક્લિનિકને 'બેસ્ટ ક્લિનિક-2025' પુરસ્કાર એનાયત કરાયો હતો. તદ્દુપરાંત, 500 ચિકિત્સકોને નિઃશુલ્ક ક્લિનિક ઓપીડી સોફ્ટવેર પણ અપાયું હતું. કાર્યક્રમમાં રાજ્યના 27 હજારથી વધુ આયુર્વેદિક તબીબો ઓનલાઇન તથા ઓફલાઇન માધ્યમથી સહભાગી થયા હતા.

# C R PATIL-BIRTHDAY

કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી. આર. પાટીલનો આજે 71મો જન્મ દિવસ છે, જેને પગલે તેમના નિવાસસ્થાને કાર્યકર્તાઓ સહિત મોટી સંખ્યામાં તેમના ચાહકો વહેલી સવારથી જ શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે. અને તેમના જન્મદિવસ પર સમગ્ર સુરત શહેરમાં વિવિધ લોકસેવાના કાર્યક્રમો પણ યોજાઇ રહ્યા છે .

ત્યારે ભારતીય જનતા પાર્ટીના ઉધના ઝોનના કાર્યકર્તાઓ દ્વારા મહારક્તદાન શિબિરનું આયોજન કરાયું, તો લિંબાયત વિધાનસભામાં પણ મેડિકલ કેમ્પ યોજવામાં આવ્યો. દરમ્યાન કચ્છ જિલ્લામાં પણ વિવિધ સંસ્થાઓના સહયોગથી 6000 જેટલા બંધ બોરવેલ રિચાર્જ અભિયાન હેઠળ અબડાસા તાલુકાના કનકપર અને આસપાસના ગામોમાં કૂવા રિચાર્જના કામ હાથ ધરાયા.

# JAMNAGAR ST WORKSHOP

કેબિનેટ મંત્રી રાઘવજી પટેલ તથા મુળુભાઈ બેરાએ જામનગરમાં 6 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે નિર્માણ પામનાર એસ.ટી. ડેપો- કાર્યશાળાનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ નવીન એસ.ટી. કાર્યશાળામાં ડેપો મેનેજર ઓફિસ, એડમીન રૂમ, ટાયર રૂમ, બેટરી રૂમ, સ્ટોર રૂમ અને ઇલેક્ટ્રિક રૂમ સહિતની આધુનિક સુવિધાઓનો સમાવેશ કરાયો છે. આ પ્રસંગે કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું કે જામનગરનું વર્ષો જૂનુ બસ મથક અને તેને સંલગ્ન એસ.ટી. કાર્યશાળા 17 હજાર ચોરસ મીટરથી વધુ જગ્યામાં નિર્માણ પામશે.

(બાઇટ: મુળુ બેરા – કેબિનેટ મંત્રી )

# KUTCH DEATH

કચ્છ જિલ્લાના અંજારના ભવાનીપુરના તળાવમાં ડૂબી જતાં પાંચ બાળકોના મોત થયા હતા. કચ્છ જિલ્લાના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે હિંગોળજા વાંઢના પાંચ બાળકો તળાવમાં ન્હાવા ગયા હતા તે દરમિયાન ડૂબી ગયા હતા. ફાયર વિભાગની ટુકડીએ તમામ બાળકોના મૃતદેહ બહાર કાઢ્યા હતા.

# AMDAVAD KEM APPLICATION

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા, શહેરને સ્વચ્છ બનાવવા, ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે, જે માટે ટુંક સમયમાં “અમદાવાદ કેમ” એપ્લિકેશન લોન્ચ કરાશે. જેમાં જાગૃત નાગરિકો આ એપની મદદથી, જો કોઇ વ્યક્તિ રોડ પર કચરો ફેંકે કે પાન- મસાલાની પીચકારી મારશે તો તેનો ફોટો પાડીને અપલોડ કરશે, જે તે વ્યક્તિના વાહન નંબરની મદદથી મહાનગરપાલિકા તેમના ઘરે નોટિસ મોકલીને દંડ વસુલશે. તેમજ ફોટો અપલોડ કરનારને ગિફ્ટ વાઉચર ભેટમાં આપશે. આ અંગે મહાનગરપાલિકા સ્થાયી સમિતિના અધ્યક્ષ દેવાંગ દાણીએ વધુ માહિતી આપી..

(બાઈટ :દેવાંગ દાણી)

ઉલ્લેખનીય છે કે, આ એપ્લીકેશનમાં ટ્રાફિક, પાર્કિંગ, રોંગ સાઇડમાં આવતા વાહન, ગંદકી, અને રોડ પરના કચરા સહિતના મુદ્દાઓને આવરી લેવાયા છે. એટલે હવે લોકો જ્યાંથી ફોટો લેશે તેમાં Geo Tagging થી ઓટોમેટિક જ લોકેશન આવી જશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# SURAT CARVING ART

**સુરતના અડાજણ સ્થિત સરસ મેળામાં આંધ્રપ્રદેશના પી.શ્યામભાઈની કાષ્ઠકળાની કલાકૃતિઓથી અનેક લોકો પ્રભાવિત થયા છે. આંધ્રપ્રદેશના માધવમાલા ગામની અંદાજે 500 વર્ષ જૂની આ પરંપરાગત કળા આજે પણ જીવંત છે. સાંભળીએ સુરત જિલ્લાના અમારા પ્રતિનિધિ લોપા દરબારનો અહેવાલ..**

**(વોઇસ કાસ્ટ: લોપા દરબાર)**

# WEATHR

રાજ્યના મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં આગામી પાંચ દિવસ દરમિયાન કોઈ ફેરફાર નહીં થાય તેમ હવામાન ખાતાની યાદીમાં જણાવાયું છે. દરમિયાન રાજ્યનું મહત્તમ તાપમાન 38 ડિગ્રી સેલ્સિયસે પહોંચ્યું છે. ગત 24 કલાકમાં સૌથી વધુ 38 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, રાજકોટ અને અમરેલીમાં નોંધાયું છે.

જ્યારે ભાવનગર, સુરેન્દ્રનગર, જુનાગઢના કેશોદ, બનાસકાંઠાના ડીસા અને સુરતમાં મહત્તમ તાપમાન 37 ડિગ્રી સેલ્સિયસ રહ્યું છે. આ સિવાયના જિલ્લાઓમાં મહત્તમ તાપમાનનો પારો 30થી 36ની વચ્ચે નોંધાયાના અહેવાલ છે.

# MEHSANA KHILADI

મહેસાણા જિલ્લાનાં ખેલાડી વૈદેહી ચૌધરીએ થાઈલેન્ડમાં રમાયેલી I.T.F. મહિલા આંતર-રાષ્ટ્રીય ટેનિસ ટૂર્નામેન્ટમાં ટાઈટલ જીતીને દેશનું ગૌરવ વધાર્યું છે. અમારા પ્રતિનિધિ જણાવે છે કે, ખેલાડી વૈદેહી ચૌધરી અને શ્રીવલ્લી ભામિદિપતીની જોડી હરિફ ખેલાડીઓને પરાજય આપી ક્વાર્ટર, સેમિ-ફાઈનલ અને ફાઈનલ મેંચમાં વિજેતા બની આ સિદ્ધિ મેળવી છે.

# DWARKA FULDOL

દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકાધીશ જગતમંદિર ખાતે ફુલડોલ ઉત્સવ દરમિયાન 7 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ ભગવાન દ્વારકાધીશના દર્શન કર્યા. ઉલ્લેખનીય છે કે હોળાષ્ટકની શરૂઆતથી જ અનેક શ્રદ્ધાળુ પગપાળા દ્વારકા આવી આ ઉત્સવમાં જોડાયા હતા. આ અંગે દ્વારકાધીશ મંદિરના વહીવટદાર હિમાંશુ ચૌહાણે વધુ માહિતી આપી.

(બાઈટ - હિમાંશુ ચૌહાણ, વહીવટદાર, દ્વારકાધીશ મંદિર)

# ARVALLI BAGAYATI KHETI

અરવલ્લી જિલ્લામાં ખેડૂતો હવે બાગાયત ખેતી તરફ વળી રહ્યા છે. બાયડ તાલુકાના સવેલાકંપા ખાતે બે ખેડૂતે ડ્રેગન ફ્રૂટ, જામફળ, આંબા, સીતાફળ, આમળા સહિતના પાકની ખેતી કરી છે. આ ઉપરાંત બંને ખેડૂત અન્ય ખેડૂતોને જરૂરી માહિતી પણ આપી રહ્યા છે. આ અંગે ખેડૂત કુંદન પટેલે માહિતી આપી.

(બાઈટઃ કુંદન પટેલ, ખેડૂત, અરવલ્લી)

# VACCINATION CAMPAIGN

લોકોને રસીકરણ પ્રત્યે જાગૃત કરવા દેશભરમાં 16 માર્ચના રોજ રાષ્ટ્રીય રસીકરણ દિવસ તરીકે મનાવાય છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ લોકોને ગંભીર રોગો સામે લડવા માટે રસીકરણ પ્રત્યે જાગૃત કરવાનો છે. પ્રથમ રાષ્ટ્રીય રસીકરણ દિવસની ઉજવણી 16 માર્ચ, 1955 ના રોજ કરવામાં આવી હતી.

સમગ્ર દેશમાં આજે રાષ્ટ્રીય રસીકરણ દિવસની ઉજવણી થઈ રહી છે. હાલમાં રાજ્યમાં નવથી 11 મહિનાના બાળકો માટે રસીકરણનો દર 95 ટકાથી વધુ છે. રાજ્યમાં મિશન ઈન્દ્રધનુષના પાંચમાં તબક્કા હેઠળ વર્ષ 2023માં નવ લાખ 95 હજાર 395 બાળકો અને બે લાખ 25 હજાર 960 ગર્ભવતી મહિલાઓને રસી આપવામાં આવી હોવાનું ગાંધીનગર પરિવાર કલ્યાણ વિભાગના અધિક નિયામકે જણાવ્યું હતું.

રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા બાળકના સ્વસ્થ જીવન અને સર્વાંગી વિકાસ માટે ખિલખિલાટ રસીકરણ અભિયાન અંતર્ગત મહીસાગર જિલ્લાના આરોગ્ય કેન્દ્રો ખાતે ઓરી અને રૂબેલા રસીથી વંચિત રહેલા 9 માસથી 5 વર્ષ સુધીના બાળકોની યાદી તૈયાર કરીને વિશેષ રસીકરણ અભિયાન હાથ ધરાયું.